શ્રમ એવ જયતે

રજી. નંબર. જી ૧૨૪ તા. ૪-૧-૬૨

મધ્યસ્થ કાર્યાલય

મો.નં. (રાજકોટ) : ૯૯૨૫૨ ૪૬૦૬૬
મો.નં. (ઊંઝા) : ૯૯૦૯૯ ૩૫૧૪૬

# અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ

૨૦૧-૨૦૫,બી.કે. થાનકી ભવન,શિરોમણી કોમ્પ્લેક્સ,બીજે માળ,કરણસિંહજી હાઈસ્કૂલ સામે,જૂના પાવર હાઉસ પાસે,રાજકોટ.

૧૬-૧૭,પહેલો માળ,શાશ્વત પ્લાઝા,અગુવિકાસંઘનું કાર્યાલય (એસએસજી સેલ),૬૬ કે.વી.સબ-સ્ટેશનની સામે,પાટણ રોડ,ઊંઝા

| બળદેવભાઈ પટેલ | વાસણભાઈ આહિર | કેતનભાઈ ઈનામદાર | મનુભાઈ પટેલ (ફોગવા) | ભરતભાઈ પંડ્યા |
|---|---|---|---|---|
| સીની.સેક્રેટરી જનરલ | સીનીયર કાર્યકારી પ્રમુખ | કાર્યકારી પ્રમુખ | કાર્યકારી પ્રમુખ | પ્રમુખ |
| ઊંઝા | Ex.ધારાસભ્યશ્રી | ધારાસભ્યશ્રી | ધારાસભ્યશ્રી | Ex.પ્રદેશ પ્રવક્તાશ્રી |
| મો.નં.:૯૯૨૫૨૪૬૦૦૧ | અંજાર | સાવલી | ઉધના | અમદાવાદ |

એકતા-ઉત્કર્ષ-પરિશ્રમ-ન્યાય

E-Mail (Unjha): agvksunjha@gmail.com | E-Mail (Rajkot): agvks.rajkot@gmail.com | Website: www.agvks.in

ક્રમાંક: એજીવીકેએસ/એસએસજી/૨૦૨૫/૬૪/જીયુ-ડિસ્કોમ તારીખ: ૧૭/૦૩/૨૦૨૫

**ખાસ અગત્યનું અને ટોચ અગ્રિમતા**

*પ્રતિ,*

(૧) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, જીયુવીએનએલ, હેડ ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેષ-કોર્સ, **વડોદરા-૩૯૭ ૦૦૭.**
(૨) ડાયરેક્ટરશ્રી (ફાયનાન્સ), જીયુવીએનએલ, હેડ ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેષ-કોર્સ, **વડોદરા-૩૯૭ ૦૦૭.**
(૩) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, વીજ સેવા સદન, લક્ષ્મીનગર, નાના માવા, **રાજકોટ-૩૬૦ ૦૦૪.**
(૪) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ડીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, ઊર્જા સદન, કાપોદ્રા ચાર રસ્તા, મોટા વરાછા, **સુરત-૩૯૫ ૦૦૬.**
(૫) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, એમજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેષ-કોર્સ, **વડોદરા-૩૯૭ ૦૦૭.**
(૬) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, યુજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, વિસનગર રોડ, **મહેસાણા-૩૮૪ ૦૦૧.**

વિષય:- **સ્માર્ટ મીટર લગાવવાથી ઉદ્‌ભવ થયેલ વિવિધ પ્રશ્નો અને ફિલ્ડમાં પડી રહેલ તકલીફોનું સત્વરે નિવારણ લાવવા બાબત.**

સંદર્ભ:- ચારેય ડિસ્કોમ કંપનીઓની ફિલ્ડની સબ-ડિવિઝન કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીશ્રીઓ તરફથી મળેલ વારંવારની મૌખિક અને ટેલિફોનિક તથા લેખિત રજુઆતોના અનુસંધાને.

માન.સાહેબશ્રી/મેડમશ્રી,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં સવિનય જણાવવાનું કે ડિજિટલ ભારત અને સ્માર્ટ મીટર પ્રોજેક્ટ અંતર્ગત હાલમાં જીયુવીએનએલ ની સૂચનાઓ મુજબ તેના તાબાની ચાર વીજ વિતરણ કંપનીઓના માનવંતા ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવવાની કાર્યવાહી ચલાવવામાં આવી રહેલ છે જેમાં તટસ્થતાથી કહીએ તો ફાયદા અને ગેરફાયદા બન્ને નજરે પડી રહ્યા છે જે વિવિધ માધ્યમો દ્વારા સંઘના ધ્યાનમાં આવેલ છે. હાલમાં સ્માર્ટ મીટર જે ગ્રાહકોના ઘરે લગાવવામાં આવી રહેલ છે તેને પરિણામે પેટા વિભાગીય કચેરીઓના બીલિંગ વિભાગ અને ટેકનીકલ કર્મચારીઓને ઉભી થતી વિવિધ સમસ્યાઓ અને ફરિયાદો સંઘને મળેલ છે જે ફરિયાદો રોજે રોજ કર્મચારીઓને હેરાન-પરેશાન કરે છે. તેમજ તમામ વીજ વિતરણ કંપનીઓમાં હાલમાં જુનિયર આસિસ્ટન્ટની આશરે ૨૦૦૦ જેટલી ખાલી જગ્યાઓ અને નવી મંજુર થયેલ પેટા વિભાગીય કચેરીઓમાં નવો મંજુર કરેલ મહેકમ મુજબનો આશરે ૨૦૦ જેટલા જુનિયર આસિસ્ટન્ટનો સ્ટાફ ભરતી ન કરવાથી ભરાયેલ નથી જે ખાલી જગ્યાઓ સામે કામના ભારણની ઘણી વિપરીત અસરો હાલમાં કર્મચારીઓના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય ઉપર પડી રહી છે જેથી કર્મચારીઓ વિવિધ રોગના ભોગ બની રહ્યા છે ત્યારે આ સ્માર્ટ મીટરને લીધે જે સમસ્યાઓ ઉભી થયેલ છે તેને લીધે કર્મચારીઓ હાલમાં વધુ હેરાન-પરેશાન થઈ રહ્યા છે જેથી સ્માર્ટ મીટરો બાબતે સંઘની નીચે મુજબની રજૂઆતો ધ્યાને લઈને સત્વરે નિવારણ લાવવા સંઘની કંપની અને કર્મચારી/અધિકારીશ્રીઓના હિતમાં ન્યાયિક વિનંતી સહ માગણી છે:

(૦૧) જે ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે તે ગ્રહકોનું બીલિંગ Cy-8 માં લઇ જવાને બદલે જે તે ચાલુ બીલિંગ સાયકલ (Cy.1,3 કે 5) માં જ રાખવું. તેમજ સ્માર્ટ મીટરવાળા ગ્રાહક જે તે બીલિંગ સાયકલમાં રહે અને તેનું GPRS માં વીજ બિલ જ્યારે જુનિયર આસિસ્ટન્ટ મીટર રીડિંગ કરવા જાય-વીજ બિલ બનાવવા જાય ત્યારે GPRS સિસ્ટમમાં સ્માર્ટ મીટરનું રીડિંગ સિસ્ટમ ઓટોફેચ કરીને બિલ બનાવે તે મુજબની સિસ્ટમ હાલમાં વિકસિત કરવી જોઈએ.

(૦૨) સ્માર્ટ મીટરનો મૂળભૂત હેતુ પ્રિપેઈડ હતો જેથી રીડિંગની કામગીરી કરવી પડે નહિ પરંતુ હાલમાં પોસ્ટ પેઈડ મોડ ઉપર બીલિંગ કરાવવામાં આવે છે એટલે બિલ ગ્રાહકોને પહોચાડવા પડે છે જેથી મીટર રીડિંગની કામગીરી બંધ થઈ નથી તો જ્યાં સુધી સ્માર્ટ મીટર વાળા ગ્રાહકોને પોસ્ટ પેઈડ રાખવાના હોય ત્યાં સુધી તેમને નવી Cy -8 માં ન લઈ જઈ જેતે (Cy.1,3 કે 5) માં રાખવાને કારણે ગ્રાહકોને એક સાથે બીલ આપી શકાય અને બીલિંગના કામમાં જે ફરિયાદો ઊભી થયા છે તેનું નિરાકરણ આવી જશે અને ગ્રાહકને સમય સર બીલ પણ મળી જશે જેથી કંપનીને આર્થિક નુકશાન પણ નહિ જાય. સાયકલ ચેન્જ થાય છે તેના કારણે ગ્રાહકને સમયસર બીલ મળતું નથી અને બીલિંગની કામગીરીમાં તેના કારણે જ હાલમાં ગ્રાહકોની ફરિયાદો ઊભી થાય છે.

(૦૩) સ્માર્ટ મીટર જે તે Cy માં જ રાખવાથી નીચે મુજબની ગ્રાહકોની ફરિયાદો નું નિવારણ લાવી શકાય છે અને ગ્રાહકો સાથેનું નકામું ઘર્ષણ રોકી શકાય છે.

(૦૪) ✓ સ્પોટ બીલિંગમાં સ્થળ ઉપર જ ગ્રાહકને અન્ય સાદા મીટરવાળા ગ્રાહકોની સાથે જ બિલ આપી શકાશે.

- ✓ કર્મચારીઓએ અલગથી જે સ્માર્ટ મીટરવાળા ગ્રાહકોના Cy-8 ના વીજ બિલ આપવા જવું પડે છે તે જવું પડશે નહિ. કર્મચારીઓના સમય વ્યય અટકશે.
- ✓ ઘણા સ્માર્ટ મીટરો લગાવ્યા પછી થોડા સમયમાં જ ફોલ્ટી થઈ જાય છે એટલે જો સ્માર્ટ મીટર ફોલ્ટી થઈ ગયેલ હોય અથવા સ્માર્ટ મીટર પોર્ટલમાં તેની રીડિંગ ફેચ ન થયેલ હોય તો મીટર રીડર સ્થળ પર જ સ્માર્ટ મીટરનું રીડિંગ લઈને વીજ બિલ આપી શકશે તેમજ જો મીટર ફોલ્ટી થયેલ હોય તો તેનો રિપોર્ટ પણ તાત્કાલિક ઓફિસમાં મળી શકે છે.
- ✓ સ્માર્ટ મીટર લગાવેલ ગ્રહકોનું બીલિંગ સાયકલ ચેન્જ થવાને કારણે Cy-8 માં પ્રથમ બિલ બનતા ત્રણ થી ચાર મહિના જેટલો વિલંબ થાય છે જેથી ગ્રાહકોની ફરિયાદોમાં અસહ્ય વધારો થઈ ગયેલ છે જેમાં ગ્રાહકો {1} મારુ નવું મીટર લગાવેલ છે પરંતુ બે મહિના થવા છતાં હજુ બિલ મળેલ નથી {2} પ્રથમ બિલ ત્રણ કે ચાર મહિને મળતું હોય બિલ વધારે આવ્યું છે. આથી, જે તે સાયકલમાં રાખવાથી બિલ આપવા માટેનો વિલંબ ટાળી શકાય છે.

(૦૫) સ્માર્ટ મીટરવાળા ગ્રાહકોને નવીન Cy-8 માં લઈ જવાને કારણે ઉભા થયેલ વિવિધ પ્રશ્નોને કારણે કંપનીની ડેબિટ એરિયર્સમાં ઘણો વધારો થયેલ છે જેમાં Cy-8 નું એસેસમેન્ટ મોડું થવાને કારણે ગ્રાહકોને બિલ મોડા મળે છે તે તેનું મુખ્ય કારણ છે જેમાં Cy-8 માં એસેસમેન્ટ કરતી વખતે સિસ્ટમમાં ઘણી બધી એરર આવે છે જેના કારણે 121-Error રિપોર્ટમાં ઘણા CR-DR એડજસ્ટમેન્ટ ભરવાના થાય છે જેથી જે તે સાયકલમાં રાખવામાં આવે તો તેનું પણ નિવારણ આવી જાય તેમ છે. ઉપરાંત જ્યારે કોઈપણ એરિયા કે ગામમાં જ્યારે 80 કે 90% ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવી દેવામાં આવે ત્યાર પછી તેને નવીન Cy-8 માં લઈ જવામાં આવે તો ઉપરોક્ત ફરિયાદોનું સત્વરે નિવારણ આવી શકે છે.

(૦૬) સ્માર્ટ મીટરના કારણે નવા મંજૂર થયેલ સબ ડિવિઝનમાં મીટર રીડરની પોસ્ટ મંજૂર કરવામાં આવેલ નથી તો નવા સબ ડિવિઝન કાર્યરત કેમ કરવા ? હાલમાં પણ અનેક પ્રકારની ફિલ્ડની કામગીરી વધી ગયેલ છે અને જુનિયર આસી.ની જગ્યા મંજૂર કરેલ નથી તો સબ-ડિવિઝનમાં સમયસર બિલિંગ કેમ થઈ શકશે ? તે સળગતો પ્રશ્ન છે. ઉપરાંત, જે ગ્રાહકોને સોલાર લગાવેલ છે તેમાં સાચું બિલિંગ નહિ થવાની પણ ઘણી ફરિયાદો ઉપસ્થિત થાય છે અને કંપનીને ખૂબ નુકશાન થઈ રહ્યું છે.

(૦૭)
- ✓ સ્માર્ટ મીટર લગાવી દેવાથી કંપનીની કોઈ કામગીરી જે જુનિયર આસી. મીટર રીડર કરતા હતા તેમને કોઈ લાભ થયેલ નથી.
- ✓ સ્માર્ટ મીટરના પ્રોજેક્ટમાં ગ્રાહકોના રીડિંગ લેવાની જવાબદારી સબંધિત એજન્સીને આપેલ છે તેમ છતાં તેનું પાલન થતું નથી અને સમયસર બિલિંગ થતું નથી અને બિલિંગ સાયકલ મોડી થવા પામેલ છે.
- ✓ સ્માર્ટ મીટર બાબતે ગ્રાહકોમાં આ મીટર વધુ વીજ વપરાશ નોંધાય છે તેવી ફરિયાદો સબ ડિવિઝનમાં ખૂબ વધારો થયેલ છે જે આખરે રોજ-બરોજની કામગીરીમાં વધારો થવા પામેલ છે.
- ✓ સ્માર્ટ મીટરનો પ્રોજેક્ટ હજી અમુક વિસ્તારોમાં અમલી બનેલ છે અને ખૂબ ઓછા સ્માર્ટ મીટર ગ્રાહક ના સ્થળ ઉપર લગાવેલ છે પરંતુ મીટર રીડિંગની કામગીરી માટે જુનિયર આસી.ની ભરતી ઘણા સમયથી બંધ કરેલ છે જેનું ભારણ ઓફિસમાં કામગીરી કરતા અને ડિવિઝનના સ્ટાફ ઉપર આવી પડેલ છે.

(૦૮) સ્માર્ટ મીટર લગાવ્યા પછી મીટર રીડર દ્વારા રીડિંગ લેવા જવું પડશે નહીં તેવા આશયથી જ સ્માર્ટ મીટર પ્રોજેક્ટ અમલમાં મુકેલ છે પરંતુ ઘણા દુઃખ સાથે કહેવું પડે છે કે દર મહિને આવા ગ્રાહકો સુધી બિલ આપવા જવું પડે છે જેના કારણે કર્મચારીઓ અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણ થાય છે. આથી, આવા સ્માર્ટ મીટર વાળા ગ્રાહકોના વીજ બિલ ઓનલાઈન મોડથી ગ્રાહકોને મળે તેવી વ્યવસ્થા કરવી જેથી ગ્રાહકો સાથે ઘર્ષણ ટાળી શકાય અને કર્મચારીઓના સમયની પણ બચત થાય.

(૦૯) સ્માર્ટ મીટર લગાવવા માટે કંપનીના સ્ટાફ સાથે જે તે એજન્સીનો પ્રોગ્રામ બનતો હોય છે પરંતુ અમુક વીજ વિતરણ કંપનીઓમાં ટેકનીકલ સ્ટાફ સવારે નિયત સમયે ઓફિસે આવીને કામગીરી માટે તૈયાર હોય છે જ્યારે એજન્સીના કર્મચારીઓ 11 વાગે પણ આવતા નથી જેથી કંપનીના ટેકનીકલ કર્મચારીઓના સમયનો વ્યય થાય છે અને કંપનીનું કામ ખોરંભે ચઢે છે. આથી, એજન્સી પાસે પ્રોપર મોનીટરીંગ થાય તેની તકેદારી રાખવા યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૧૦) ઘરેલુ ગ્રાહકોને જુના મીટર બદલી નવા સ્માર્ટ મીટર લગાવતા પહેલા આ બાબતની જાણ કંપની તડફથી ગ્રાહકોને કરવામાં આવતી નથી જેથી સ્માર્ટ મીટર ગ્રાહકોને ત્યાં ટેકનીકલ સ્ટાફના કર્મચારીઓ કે એજન્સી દ્વારા લગાવવા જાય છે ત્યારે કે મીટર લગાવ્યા પછી ગ્રાહકને જાણ થાય છે કે તેના ઘરે તેની જાણ બહાર સ્માર્ટ મીટર લગાવ્યું છે ? ત્યારે ગ્રાહક સ્થળ ઉપર અને ઓફિસે આવીને કર્મચારીઓ ઉપર હુમલાઓ કરે છે, ગાળા ગાળી કરે છે, બીભત્સ વર્તન કરે છે અને ઘર્ષણ કરી કર્મચારીઓ સાથે તકરાર કરે છે જેથી જે ગ્રાહકને ત્યાં સ્માર્ટ મીટર લગાવવાનું હોય તે ગ્રાહકની પ્રથમ મંજૂરી મેળવ્યા બાદ જ તેના ઘરે સ્માર્ટ મીટર લગાવવા સૂચના આપવી જેથી કર્મચારીઓ સાથે ગ્રાહકોનો બિનજરૂરી વિવાદ અને ઘર્ષણ ટાળી શકાય.

(૧૧) સ્માર્ટ મીટર વાળા ગ્રાહકોના બીલમાં રૂટ કોડ પણ રાખવા જોઈએ: સ્માર્ટ મીટર વાળા ગ્રાહકોના કનેક્શનના નાણા બાકીમાં ડિસ કનેક્શન થઈ ગયા બાદ જ્યારે ગ્રાહક તાત્કાલિક નાણા ભરી આપે છે ત્યારે સ્માર્ટ મીટર પ્રોજેક્ટ મુજબ ઓટોમેટિક કનેક્શન ચાલુ થઈ જાય તેવું કરવું. ઉપરાંત, સ્માર્ટ મીટરના ગ્રાહકોને જે બિલ આપવામાં આવે છે તેની pdf ફાઈલ જે તે સબ ડિવિઝનને પણ આપવી જોઈએ જેથી ગ્રાહકને કોઈ કારણસર બિલ ન મળે તો તેમને ઓફિસથી બિલની પ્રિન્ટ કાઢી અપાય. સોલાર વાળા સ્માર્ટ મીટરના ગ્રાહકોને ત્યાં જેવું મીટર લગાવવામાં આવે તેવું તરત જ Bi-directional મોડ ચાલુ થઈ જવો જોઈએ. સમયસર ચાલુ નહીં થવાથી ગ્રાહકો દ્વારા મોટી માથાકૂટ ઓફિસમાં કરવાનો વારો આવે છે.

(૧૨) સ્માર્ટ મીટર પ્રોજેક્ટ અંતર્ગત હાલમાં મોટાભાગે ગ્રાહકોને નવા કનેક્શન તેમજ જુના ફોલ્ટી મીટરોની સામે નવા સ્માર્ટ મીટર કર્મચારીઓ મારફતે લગાવવામાં આવે છે પરંતુ નવા સ્માર્ટ મીટરોમાંથી કેટલાય સ્માર્ટ મીટર થોડા જ દિવસોમાં ફોલ્ટી થઈ જાય છે જેથી આ બાબતે ગ્રાહકો દ્વારા ફરિયાદો ઉભી થાય છે તો સદર બાબતે યોગ્ય નિવારણ લાવવું પણ જરૂરી છે.

(૧૩) સ્માર્ટ મીટર પ્રોજેક્ટ સફળતા પૂર્વક પૂર્ણ કરવા અને વીજ મીટર રીડિંગની સમસ્યાઓના નિવારણ તેમજ પેટા વિભાગીય કચેરીઓની અન્ય કામગીરી ખોરંભે ના પડે તેમજ સુચારુ રીતે પાર પડે તે માટે ઉપરોક્ત તમામ મુદ્દાઓની સાથે સાથે હાલમાં

તમામ વીજ કંપનીઓમાં નવી મંજુર થયેલ કચેરીઓમાં મંજુર થયેલ મહેકમની સાથે જે જુનિયર આસિસ્ટન્ટ કેડરમાં આશરે ૨૦૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે તે ભરવી અતિ આવશ્યક છે જે બાબતે સંઘ દ્વારા અગાઉ પણ રજુઆત કરવામાં આવેલ છે તો આ બાબતે સત્વરે ભરતીની યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

(૧૪) સ્માર્ટ મીટરની મોબાઈલ એપ્લિકેશન બરાબર ચાલતી નથી તે બરાબર ચાલે તો ગ્રાહકને સબ ડિવિઝન સુધી આવવું ન પડે અને ઝગડા ન થાય અને ઘરે બેઠા સમસ્યાનું નિરાકરણ આવી જાય.

(૧૫) મીટર ચેન્જની એન્ટ્રી નિયમિતપણે સિસ્ટમમાં ન થતાં ગ્રાહકને સ્માર્ટ મીટરનું વીજ બિલ સમયસર ન આપતા ફરિયાદો ઊભી થાય છે અને ગ્રાહકો સાથે ઘર્ષણ થાય છે અને ગ્રાહકોમાં કંપનીની છબી ખરડાય છે.

(૧૬) રોજ અલગ-અલગ એજન્સીના માણસો દ્વારા મીટર બદલવાની કામગીરી કરવામાં આવતા એકસૂતરા જળવાતી નથી.

(૧૭) એજન્સીના માણસો દ્વારા જૂના મીટરના રીડિંગ ખોટા નાખવામાં આવે છે જેથી કંપનીને રેવન્યુ લોસ થવાણી શક્યતા છે.

(૧૮) સ્માર્ટ મીટરના બિલની વહેંચણી અંગે કોઈ જ પરિપત્ર કે સ્પષ્ટતા ન હોવાથી સ્માર્ટ મીટરના બિલની સંખ્યા અને એકસૂત્રતા ન રહેતા મીટર રીડરોનું શોષણ થાય છે.

(૧૯) સ્માર્ટ મીટર અલગ-અલગ વિસ્તારમાં તૂટક તૂટક લગાવવામાં આવે છે જેથી મીટર રીડરને બિલોની વહેંચણી કરવા વારંવાર જતાં કંપનીનો સમય અને આર્થિક નુકશાન થાય છે.

(૨૦) સ્માર્ટ મીટરને સંલગ્ન કામગીરી કંપનીના સ્ટાફ પાસે કરાવવામાં આવે છે અને કોઈ પણ પ્રકારની ભૂલ થાય તો જવાબદારી કંપનીના સ્ટાફ પર નાખી તેની સામે ખાતાકીય કાર્યવાહી કરવામાં આવે છે.

આ ઉપરાંત, અન્ય મુદ્દાઓ સદર વિષયને સંલગ્ન સંઘને ફરીયાદો માળેથી આપ સાહેબશ્રી સમક્ષ રજૂ કરવામાં આવશે જે આપ સાહેબશ્રીની જાણ સારું વિદિત થાય.

ઉપરોક્ત બાબતનું તાત્કાલિક નિરાકરણ લાવી અત્રેની કચેરી ખાતે પ્રત્યુત્તર આપવા સંઘની વિનંતિ સહ ન્યાયિક રજુઆત છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લઈને આપ સાહેબશ્રી દ્વારા યોગ્ય જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

આભાર સહ!!!.

આપનો સ્નેહાધીન,

(બળદેવ એસ.પટેલ)
**સીનીયર સેક્રેટરી જનરલ**

**નકલ સવિનય રવાના:**
પ્રતિ, ફાયનાન્સ હેડ, ....................કંપની, હેડ/કોર્પોરેટ ઓફિસ, વડોદરા/રાજકોટ/સુરત/મહેસાણા.
પ્રતિ, ટેકનિકલ હેડ, ....................કંપની, હેડ/કોર્પોરેટ ઓફિસ, વડોદરા/રાજકોટ/સુરત/મહેસાણા.
પ્રતિ, એચ.આર., યુ....................કંપની, હેડ/કોર્પોરેટ ઓફિસ, વડોદરા/રાજકોટ/સુરત/મહેસાણા.

**નકલ રવાના:**
પ્રતિ, ડિસ્કોમ કંપનીના સંઘના સુપર પાવર વર્કિંગ કમિટીના હોદ્દેદારો અને સર્કલ/ડિવિઝન/યુનિટ લેવલના હોદ્દેદારો તરફ રવાના.
પસંદગી ફાઈલ.